લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

# દર્પણ

- District 3232-B3
- Club No. 142202
- Zone-1
- LY 2026-27

AUGUST 2026




## અંતરના ઓવરેથી....

વ્હાલી ફેમિના સખીઓ,

ચોમાસું બરાબર જામ્યું છે. ઉનાળામાં ધોમધખતી ધરતી હવે પાણીથી તૃપ્ત થઈને વાતાવરણમાં એક આહલાદક ઠંડક પ્રસરાવી રહી છે. નવા વર્ષનો પ્રથમ માસ પૂર્ણ થયો છે અને આપણે સૌએ સાથે મળીને અત્યંદ આનંદ અને સંતોષ આપે તેવા સેવાકાર્યોનો ધમધમાટથી સેવાકાર્યોનો પ્રારંભ કર્યો છે. કોઈપણ શુભકાર્યની શરૂઆત ઈશ્વર આરાધનાથી જ થાય. સૂર્યએ જીવનનો આધાર છે, તેથી જ આપણે ગાયત્રીમંત્રની આરાધના સાથે સૂર્યોપાસના કરીને શરૂઆત કરી. તે જ દિવસથી 'વૃક્ષારોપણ' અને 'ડૉક્ટર્સ ડે'ની ઉજવણી કરીને કાર્યના શ્રેષ્ઠ શુકન કર્યા. આ દિવસોમાં આપણું વિશેષ ધ્યાન પર્યાવરણલક્ષી કાર્યો પર રહ્યું. આપણે લીધેલા ૧૦૦૦ વૃક્ષો વાવવાના સંકલ્પમાંથી ઘણા બધા વૃક્ષોનું વાવેતરણ કર્યું. તેમજ ઈકો-ફ્રેન્ડલી બેગ્સનું વિતરણ પણ કર્યું. માત્ર વૃક્ષો વાવવા પૂરતું નહીં પરંતુ તેનો યોગ્ય ઉછેર કરવો પણ આપણી જવાબદારી છે, જેનો આપણે સહર્ષ સ્વીકાર કર્યો છે.


આ એક જ માસમાં આપણે ૨૦ થી વધુ સેવાકાર્યો અવિરતપણે પૂર્ણ કર્યા છે, જેનો આપણને સૌને પૂર્ણ સંતોષ છે. આગામી માસમાં તહેવારોની સુંદર શરૂઆત થઈ રહી છે. જેમાં આપણે 'ફ્રેન્ડશિપ ડે' અને 'રક્ષાબંધન'ની ભાવસભર ઉજવણી કરીશું. સાથે જ, આ મનોરમ્ય વાતાવરણમાં કુદરતના સાનિધ્યને માણવા માટે સાપુતારાનો પ્રવાસ પણ ગોઠવી રહ્યાં છીએ.


તો ચાલો, આ ઉત્સવભર્યા સેવા યજ્ઞમાં સૌ સાથે જોડાઈએ. આપ સૌના સક્રિય સહકારની અપેક્ષા અને પૂર્ણ ખાતરી છે.

જય શ્રી કૃષ્ણ... જય હિન્દ... જય લાયનવાદ...

લા. જાગૃતિ વ્યાસ
પ્રમુખ





| | | |
|---|---|---|
| President | Lion Jagruti Vyas | Mo. 98795 07482 |
| Secretary | Lion Sanju Gupta | Mo. 99252 33418 |

## મંત્રીશ્રીની મહેક



લા. સંજુ ગુપ્તા

**૧ જુલાઈ :** લાયનિસ્ટિક વર્ષ ૨૦૨૬-૨૭ની શુભ શરૂઆત પ્રમુખ પ્રેઈઝ, સરગાસણ ખાતે પ્રમુખ લા. જાગૃતિ વ્યાસના એપાર્ટમેન્ટમાં ગાયત્રી હવનથી કરવામાં આવી. જેમાં સભ્યોએ મોટી સંખ્યામાં ભક્તિપૂર્વક ભાગ લીધો.

**૧ જુલાઈ :** ડૉક્ટર્સ ડે નિમિત્તે ક્લબના સભ્ય ડૉક્ટર્સની સેવાઓને બિરદાવવા ભેટ અને કાર્ડથી સન્માન કર્યું. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિનિયર સર્જન ડૉક્ટર નિયતિ લાખાણીનું શાલ ઓઢાડીને તથા સ્મૃતિચિન્હ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું.

**૧ જુલાઈ :** પ્રમુખ પ્રેઈઝ એપાર્ટમેન્ટ ખાતે ક્લબના સભ્યો અને પદાધિકારીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

**૨ જુલાઈ :** સરલ કોટયાર્ડના પરીસરમાં ડીસી એડમિનિસ્ટ્રેશન લા. મમતા રાવલ તથા ડીસી એન્વાયરમેન્ટ લા. પદમસિંહ ચૌહાણ તેમજ મોટી સંખ્યામાં સભ્યોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમના પ્રાયોજક લા. અંજલી પુરોહિત અને વિક્રાંતભાઈ પુરોહિતનો ખુબ ખુબ આભાર.

**૩-૭ જુલાઈ :** હોંગકોંગ ખાતે લાયન્સ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ. જેમાં લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨બી-૩ ના ગવર્નર લાયન એલ. કે. વાઘેલાશ્રીએ હોદ્દાના શપથ લીધા.

**૫ જુલાઈ :** સાદરા જન વિકાસ મંડળના મેદાનમાં શાળાના બાળકોની હાજરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કર્યો. બાળકોએ વૃક્ષોનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી.

**૫ જુલાઈ :** જક્ષણી અન્નપૂર્ણા કેન્દ્ર, સાદરા ખાતે ૧૦૬ દર્દીઓની આંખની તપાસ કરી ૯૩ દર્દીઓને નિશુલ્ક ચશ્માનું વિતરણ કર્યું. ત્રણ દર્દીને મોતિયાના ઓપરેશન માટે ઓગણજ લાયન્સ હોસ્પિટલ મોકલવામાં આવ્યા. ૧૦૬ દર્દીઓનું બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કરવામાં આવ્યું તથા ૫૦ બાળકોની આંખની તપાસ કરવામાં આવી.

**૫ જુલાઈ :** સેવાકુંજ આશ્રમ સાદરા ખાતે ૫૦ જેટલા વડીલોને ભોજન પીરસવામાં આવ્યું તથા તેમની સાથે આનંદમય વાર્તાલાપ કર્યો.

**૯ જુલાઈ :** ક્લબની પ્રથમ બોર્ડ અને જનરલ મિટીંગ સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે સેક્રેટરી સંજુ ગુપ્તા, જો.સેક્રેટરી ગીતા પટેલ, ટ્રેઝરર બીના ચોક્સી અને જો.ટ્રેઝરર ઉષા ટાંકના સહયોગથી સંપન્ન થઈ. જેમાં ઝોન ચેરમેન લા. વિવેકસિંહ ચૌહાણ, પાસ્ટ પ્રેસિડેન્ટ કમિટી તથા બોર્ડ મેમ્બર્સ અને સભ્યોએ ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી.

**૧૨ જુલાઈ :** કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના હરિયાળી લોકસભા ઝુંબેશ અન્વયે ગાંધીનગર વિધાનસભા ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા યોજવામાં આવેલ મેગા વૃક્ષારોપણ કાર્યક્રમમાં પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસ તથા સભ્યોએ હાજરી આપી વૃક્ષારોપણ કર્યું.

**૧૬ જુલાઈ :** રાધાવલ્લભ મંદિર સાદરા ખાતે યોજાયેલ રથયાત્રામાં મોટી સંખ્યામાં સભ્યોએ ભક્તિપૂર્વક ભાગ લીધો તથા ૩૦૦ જેટલી ઈકો ફ્રેન્ડલી બેગનું વિતરણ કરી પર્યાવરણનો સંદેશ આપ્યો.

**૧૮ જુલાઈ :** ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ, સેક્ટર-૧૫ ખાતે માસિકધર્મ દરમિયાન સ્વચ્છતા અને સાવચેતી અંગેનો સેમીનાર યોજાયો. જેમાં વક્તા તરીકે ક્લબના માનવંતા સભ્ય ડૉ. જૈનિશાબેન પટેલે ખુબ સુંદર વક્તવ્ય આપ્યું. આ સેમિનારમાં ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો અને તેમને સેનેટરી નેપકીન્સનું વિતરણ કરવામાં આવ્યું.

**૧૮ જુલાઈ :** ગવર્મેન્ટ સાયન્સ કૉલેજ સેક્ટર-૧૫ ખાતે ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓને ડ્રગના દૂષણ અને તેનાથી તથા નુકશાન અંગેની સમજ આપી ડ્રગથી દૂર રહેવાના શપથ લેવડાવ્યા.

**૧૯ જુલાઈ :** ગાંધીનગર ટાઉનહોલ ખાતે લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બીૐનો કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારોહ યોજાયો હતો, જેમાં માનનીય ગવર્નરશ્રી લા. એલ. કે. વાઘેલા તથા કેબીનેટના હોદ્દેદારોની સાથે ફેમિનાના લા. મમતા રાવલે ડીસી એડમિનીસ્ટ્રેશન તથા લા. અર્ચના દવેએ ડીસી ફિઝીકલી ચેલેન્જ્ડના હોદ્દાના શપથ ગ્રહણ કર્યા. આ કાર્યક્રમમાં ફેમિના ક્લબમાંથી ૪૦ જેટલા સભ્યો હાજર રહ્યાં.

**૨૧ જુલાઈ :** ઓમકારેશ્વર મંદિર, સેક્ટર-૪ના મેદાનમાં ૧૫૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું. આ કાર્યક્રમમાં કોર્પોરેટર શ્રી રાજુભાઈ પટેલ લા. ચેરમેન શ્રી વિવેકભાઈ ચૌહાણ ડી.સી. મમતા રાવલ, ડી.સી. અર્ચના દવે તથા ક્લબના સભ્યોએ ખૂબ મોટી સંખ્યામાં હાજરી આપી. આ વૃક્ષોને ઉછેરવાની જવાબદારી માટે ક્લબે જીએમસી સાથે સમજૂતી કરેલ છે.

**૨૩ જુલાઈ :** મમતા વિકલાંગ શિશુ મંદિર, હિંમતનગર ખાતે ૫૦ બાળકોને ભોજન કરાવ્યું, આ બાળકોની સાથે સુંદર કાર્યક્રમ માણ્યો. સહયોગ બદલ પૂર્વ પ્રમુખ અર્ચનાબેનનો ખુબ ખુબ આભાર.

**૨૩ જુલાઈ :** શ્રીમતી લક્ષ્મીબેન મંગળદાસ ઠક્કર સ્કૂલ, હિંમતનગર ખાતે દિવ્યાંગતા ધરાવતા ૧૫૦ વિદ્યાર્થીઓને આઈ.પી.પી. અને ડી.સી. ફિઝીકલી ચેલેન્જ્ડ લા. અર્ચનાબેનના સહયોગથી ભોજન કરાવવામાં આવ્યું.

**૨૫ જુલાઈ :** સેક્ટર-૪ ના શ્રમિક વિસ્તારમાં ૧૨૫ થી વધુ શ્રમિકોને ખિચડી અને છાસનું વિતરણ કરવામાં આવ્યું.

**૨૬ જુલાઈ :** સેક્ટર-૭ ના શ્રમિક વિસ્તારમાં ૧૦૦ થી વધુ શ્રમિકોને ખિચડી અને છાસનું વિતરણ કરવામાં આવ્યું.

## ખજાનચીની ખાસ વાત

લા. બીના ચોક્સી



મારી વ્હાલી ફેમિના બહેનો,

જય સ્વામિનારાયણ, નવા વર્ષની શરૂઆતથી જ આપ સૌ સભ્યોને ખૂબ જ સુંદર ઉત્સાહવર્ધક સાથ-સહકાર મળી રહ્યો છે. આપ સૌના સહયોગથી મોટા ભાગના સભ્યોની વાર્ષિક ફી સમયસર જમા કરાવવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તે બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

જે સભ્યોની ફી આપવાની હજુ બાકી હોય તેમને નમ્ર વિનંતી કે આપની અનુકૂળતા મુજબ યોગ્ય માધ્યમથી (Digital/Cash/Cheque) ફી સત્વરે જમા કરાવી દેશો. આપણી સામાજિક સેવાની સફર પણ સફળતાપૂર્વક શરૂ થઈ ચૂકી છે. આ સેવાકાર્યો નિરંતર અને સુચારૂરૂપે ચાલતા રહે તે માટે આપ સૌના આર્થિક સહયોગનું કાયમ સ્વાગત છે.

આપના સહકારની અપેક્ષા સહ...

## દાનની સરવાણી...

**બર્થડે - એનવર્સરી નિમિત્તે**

| | |
|---|---|
| લા. કુસુમબેન જોષી | ૧૧૦૦ |
| લા. દેવલબેન જોષી | ૫૦૦ |



# જુલાઈ માસના કાર્યક્રમોની ઝલક



ગાયત્રી હવનનો કાર્યક્રમ



ડૉક્ટર ડે સેલીબ્રેશન



સરલ કોટયાર્ડ ખાતે વૃક્ષારોપણ




સાદરા જન સેવા મંડળ ખાતે વૃક્ષારોપણ




વિઝન, બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ, સાદરા

# જુલાઈ માસના કાર્યક્રમોની ઝલક



સેવાકુંજ આશ્રમ ખાતે વડીલોને ભોજન




પ્રથમ બોર્ડ એન્ડ જનરલ મિટીંગ



સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે મેગા ટ્રી-પ્લાન્ટેશન




ગવર્નર શ્રી અને ડિસ્ટ્રીક્ટ કેબિનેટ ઈન્સ્ટોલેશન



રાધાવલ્લભ મંદિર-સાદરા ખાતે રથયાત્રા અને ઈકોફ્રેન્ડલી બેગનું વિતરણ




માસિકધર્મ પરનો સેમિનાર, સેક્ટર-૧૫, સરકારી સાયન્સ કોલેજ

# જુલાઈ માસના કાર્યક્રમોની ઝલક



ઓમકારેશ્વર મંદિર, સેક્ટર-૪ ખાતે મેગા ટ્રી પ્લાન્ટેશન




મમતા દિવ્યાંગ શિશુ કેન્દ્ર, હિંમતનગર ખાતે બાળકોને ભોજન




શ્રીમતી લક્ષ્મીબેન ઠક્કર દિવ્યાંગ શિશુ કેન્દ્ર, હિંમતનગર ખાતે બાળકોને ભોજન



સેક્ટર-૪ ના શ્રમિક વિસ્તારમાં ખીચડી તથા છાસનું વિતરણ



સેક્ટર-૭ ના શ્રમિક વિસ્તારમાં ખીચડી તથા છાસનું વિતરણ










પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ

પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ, લાયન્સ કલબ ગાંધીનગર ફેમિના, રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના સંયુક્ત પ્રયાસથી રક્તદાન શિબિર સાથે નિઃશુલ્ક ઓર્થોપેડિક, નેત્ર ચિકિત્સા, કાર્ડિયોલોજી, યુરોલોજી, એક્યુપ્રેશર, ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામા આવ્યું છે.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૦૨-૦૮-૨૦૨૬, રવિવાર | સવારના ૯:૦૦ થી ૧:૦૦ સુધી | રેડિયન્ટ સ્કૂલ, સરગાસણ |

રક્તદાન શિબિર : ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સહયોગથી.

**નિઃશુલ્ક આરોગ્ય શિબીર**

**VIMS Multispeciality Hiospital, Motera ના સહયોગથી**

**કેમ્પમાં ઉપલબ્ધ સેવાઓ**

૧. બ્લડ પ્રેશર ચેક-અપ
૨. ડાયાબિટીસ ટેસ્ટ
3. ECG (ઈ.સી.જી.)
૪. X-Ray (એક્સ-રે)
૫. આંખોની તપાસ (બેતાળાના ચશ્મા ફ્રી માં મળશે.)
૬. હૃદયરોગ નિષ્ણાત દ્વારા ચેક-અપ
૭. ઓર્થોપેડીક નિષ્ણાત દ્વારા ચેક-અપ
૮. યુરોલોજીસ્ટ નિષ્ણાત દ્વારા ચેક-અપ

**આપ સૌને નમ્ર વિનંતી કે નિઃશુલ્ક કેમ્પનો લાભ અવશ્ય લેશો.**

ડેન્ટલ : ડો ભાવેશા રાવલ
વરેન્યમ ડેન્ટલ ક્લિનિક, શ્રીપદ આયન્સ ફ્લેટ, સરગાસણ.
દાંતની દરેક પ્રકારની અને લેસ્ટેસ્ટ ઇન્સ્ટ્રૂમેન્ટ ધરાવતા ક્લિનિક ના ડોક્ટર્સ પાસે આપ દાંતની તકલીફોનું ચેકઅપ ફ્રી મા કરાવી શકશો.

એક્યુપ્રેશર
ચાંદખેડાના એક્યુપ્રેશર નિષ્ણાત જે.પી. મિશ્રા દ્વારા બેકપેઈન, સાયટીકા, માઈગ્રેન, ઘૂંટણ અને પગની પાનીના દર્દ તેમજ લો-બેક પેઈનની સારવાર લઈ શકશો.

ફિઝિયોથેરાપી કેમ્પ : ફેમીના ફિઝિયોથેરાપી સેન્ટર, સરગાસણ

આપ સર્વ ને રક્તદાન કરીને સૌથી મોટા સેવા કાર્યના સહભાગી બનવા તેમજ જરૂરિયાત વાળા લોકોએ ઉપરોક્ત શારીરિક ચિકિત્સા કેમ્પ નો લાભ લેવાં વિનંતી.

નામ નોંધાવવા સંપર્ક કરો. :
94263 73975, 98795 07482, 87804 97874, 99099 56497, 98253 65962

દરેક રક્તદાતાનું પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા લાયન્સ કલબ ગાંધીનગર ફેમીના દ્વારા મોમેન્ટો થી સન્માન કરવામાં આવશે.

# સભ્ય સમાજનું 'દર્પણ'

**મેમ્બર્સ કોર્નર**

**લા. હિના ગોહિલ**

હમણાં થેડા સમય પહેલા એક બિલ્ડર મિત્રની સાઈટ પર સેમ્પલ હાઉસ જોવા જવાનું થયું. ત્યાં બનેલી એક ઘટના મારા શબ્દોમાં વર્ણવું છું. શબ્દ અને વિચારો મારા અંગત છે.

રામલો અને સુમલી બંને પતિ-પત્ની મજૂરી કામ કરી રહ્યાં હતાં. બંન્નેની ઉંમર માંડ ૨૩-૨૫ વર્ષ લાગતી હતી. પણ રામલો તેની પત્નીને ખૂબ ધમકાવી રહ્યો હતો. કોઈની વાતમાં વચ્ચે ન પડવું એવો આગ્રહ રાખી મેં થોડું અંતર જાળવ્યું. થોડીવાર પછી બંને સાથે મળીને ચ્હા-રોટલો ખાતાં હતાં. ત્યારબાદ જ્યારે મને કુતુહલ થયું એટલે મેં પૂછ્યું તો જાણવા મળ્યું કે આ બાળક જેવી દેખાતી છોકરીને અઠવાડીયા પહેલા ડિલેવરીમાં બીજી દિકરી આવી હતી અને તેને તેનો ઘરવાળો દિકરી પાસે રહીને આરામ કરવા સમજાવી રહ્યો હતો. છતાં તે સુમલી પોતાના પતિના માથાનું દેવું, દિકરીઓ સાસુ-સસરાની જવાબદારીઓ, આર્થિક તંગી વચ્ચે પોતાનું શરીર ભૂલીને પણ પતિની સાથે મજૂરી કરી રહી હતી.

આખી વાતમાં પહેલો વિચાર આવ્યો કે ભણતર હજી છેવાડાંના માણસ સુધી પહોંચાડવામાં આપણે સફળ થયાં નથી. બીજી જ ક્ષણે લાગ્યું કે આપણો સભ્ય સમાજ સ્ત્રી-પુરુષ સમોવડીની વાતો કરે છે, મોટા મોટા સેમિનાર આયોજિત કરે છે અને ત્યારબાદ ભણેલાં ગણેલા કહેવતા સભ્ય સમાજના વ્યક્તિઓ એક દિકરો જન્મે એની આશામાં દિકરીઓથી છૂટકારો મેળવે છે. આપણા બાળકોને પણ જ્યારે આપણે ખૂબ સારું ભણતર આપીએ છીએ, આર્થિક સધ્ધર બનાવીએ છીએ. પરંતુ નાની અમથી વાતોમાં મજબૂત બનવાને બદલે છૂંટા પડવાનું વિચારે છે. ત્યારે ઘણી વખત થાય છે આના કરતાં રોડ ખોદનાર, મજૂરીનું કરનાર, સફાઈ કામદારો અભણ હોવા છતાં પોતાના સાથીની સાથે દરેક સ્થિતીમાં કામ કરે છે, સાથે જમે છે, એકમેકને આર્થિક ટેકો આપે છે. આ યુવાન દિકરા-દિકરીઓ કાલનું ભવિષ્ય છે અને હાલમાં ખૂબ જ જરૂરી છે કે વિસંગત પરિસ્થિતીઓમાં પણ પોતાના સાથીને દરેક રીતે ટેકો આપે. ચાલો આપણે પણ રામલા અને સુમલીની જેમ જીવનસાથીને દરેક પરિસ્થિતિમાં સાથ આપવાનો સંકલ્પ કરીએ.

# ઓગષ્ટ ૨૦૨૬નો સેવાયજ્ઞ

| તારીખ | વિગત | સ્થળ | સહયોગ |
|---|---|---|---|
| ૨૭ જુલાઈ થી ૧ ઓગષ્ટ | મેગા ટ્રી પ્લાન્ટેશન | આર્ટીફીનો, થલતેજ, અમદાવાદ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના 'પુષ્પ' ફર્સ્ટ વીપી લા. ભૂમિ જોગાણી |
| ૨ ઓગષ્ટ | બ્લડ ડોનેશન તથા મેડિકલ ચેકઅપ અને ફિઝીયોથેરાપી કેમ્પ | રેડિયન્ટ સ્કૂલ, સરગાસણ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ તથા રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ |
| ૨ ઓગષ્ટ | લક્ષ્ય આરોગ્યમ કાર્યક્રમ અંતર્ગત કાયમી યોગા વર્ગાનું ઉદ્દ્ઘાટન | સેક્ટર-૨૧, ગાર્ડન, સિદ્ધિવિનાયક મંદિર પાસે | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના સેકન્ડ વી.પી. મિત્તલ રાણા |
| ૨ ઓગષ્ટ | ફ્રેન્ડશીપ ડે સેલિબ્રેશન | સેક્ટર-૨૧, ગાર્ડન, સિદ્ધિવિનાયક મંદિર પાસે | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૫ ઓગષ્ટ | ઓરીએન્ટેશન એન્ડ સી.ક્યુ.આઈ. સેમિનાર તથા સેકન્ડ બોર્ડ એન્ડ જનરલ મિટીંગ | અરબેનીયા બેન્કવેટ, કુડાસણ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૯ ઓગષ્ટ | વિઝન બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ | પી.ટી.સી. કોલેજ, લોદરા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૫ ઓગષ્ટ | ધ્વજવંદન કાર્યક્રમ | રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના તથા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ |
| ૧૬ ઓગષ્ટ | બ્લડ ડોનેશન કેમ્પ | ભારત માતા મંદિર, સેક્ટર-૭ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના તથા હેપ્પી યુથ ક્લબ |
| ૧૬ ઓગષ્ટ | દિવ્યાંગ બાળકોને નાસ્તો | અંધજન શાળા, સેક્ટર-૧૬ | લા. શ્વેતાબેન પટેલ |
| ૧૯-૨૧ ઓગષ્ટ | સાપુતારા ત્રિદિવસીય પિકનિક | સાપુતારા | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨૪ ઓગષ્ટ | રક્ષાબંધન સેલીબ્રેશન | સેન્ટ્રલ જેલ, અમદાવાદ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |




| | |
|---|---|
| ૦૧ ઓગ. | લા. ભૂમિકા જોગાણી |
| ૦૧ ઓગ. | લા. દામિની રાવલ |
| ૦૧ ઓગ. | લા. ભારતી જોશી |
| ૦૧ ઓગ. | લા. શિલ્પા વાણીયા |
| ૦૨ ઓગ. | લા. પરાગી પંડ્યા |
| ૧૦ ઓગ. | લા. આરતી ભટ્ટ |
| ૧૦ ઓગ. | લા. દીના ભટ્ટ |
| ૧૧ ઓગ. | લા. શોભા શાહ |
| ૧૩ ઓગ. | લા. જાગૃતિ પટેલ |
| ૧૫ ઓગ. | લા. મનીષા પટેલ |
| ૧૬ ઓગ. | લા. રશ્મિતા પટેલ |
| ૧૮ ઓગ. | લા. જાગૃતિ વ્યાસ (પ્રમુખ) |
| ૧૮ ઓગ. | લા. હિમાની પટેલ |
| ૧૯ ઓગ. | લા. કવિતા કોટક |
| ૨૩ ઓગ. | લા. ગુનીતા રાઠોડ |
| ૨૩ ઓગ. | લા. સંગીતા શર્મા |
| ૨૮ ઓગ. | લા. પાયલ પુરોહિત |
| ૨૮ ઓગ. | લા. ભગવતી પટેલ |




| | |
|---|---|
| ૧૮ ઓગ. | લા. હેતલ શાહ |
| ૧૮ ઓગ. | કલ્પના પટેલ |




## પરિવારની વાત...

- પી.પી. લા. મમતાબેન રાવલને ડીસી એડમિનિસ્ટ્રેશન તથા આઈપીપી અર્ચનાબેન દવેને ડીસી ફિઝીકલી ચેલેન્જ્ડના શપથ ગ્રહણ કરી કાર્યભાર સંભાળવા બદલ ખુબ ખુબ અભિનંદન.
- આપણે ક્લબના થર્ડ વીપી કાનન પટેલ, સેક્રેટરી સંજુ ગુપ્તા, રાજીવ ગુપ્તા, મીડિયા એન્ડ માર્કેટિંગ પર્સન પૂજા જોશી, તેજસ સોની તથા વંદના રાવ અમરનાથ તથા વૈષ્ણોદેવીની યાત્રા કરી સુખરૂપ પરત આવેલ છે.
- મનિષાબેન ત્રિપાઠીને વડોદરા ખાતે યોજાયેલ સ્વિમીંગ કોમ્પિટીશનમાં મેડલ જીતવા બદલ, બેંક ઑફ બરોડાના નિવૃત્ત છતાં પ્રવૃત્ત કર્મચારી તરીકે સન્માનવા બદલ તથા શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં સંગીતના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ થવા બદલ અભિનંદન.
- પીપી ડિમ્પલ દેસાઈ શ્રીલંકાની ટૂર કરીને પરત આવેલ છે.
- લા. રાજશ્રીબેન ગાંધીની બાલીની ટૂર કરી પરત આવેલ છે.
- લા. રીટાબેન શાહ યુએસએની ટૂર પર ગયેલ છે.
- ક્રિનાબેન સુતરીયાના પુત્ર પંથ સુતરીયાને DAIICT માં એડમિશન મળવા બદલ અભિનંદન.
- નીરૂબેન પટેલના સસરાજીનું અવસાન થયું છે. તેમના દુ:ખમાં ફેમીના ક્લબ સંવેદના વ્યક્ત કરે છે. પ્રભુ સદ્દગતના આત્માને પરમ શાંતિ આપે.
- ડૉ. કુંપલ દવેની પૌત્રીના દાદી થવા બદલ અભિનંદન.
- લા. ચારુબેન ટાંકને સ્પાઈનની સર્જરી કરાવેલ છે. તેઓ જલ્દી સ્વસ્થ થાય તેવી શુભેચ્છા.
- લા. અંજલીબેન પુરોહિત દાદીમાં બન્યા તે બદલ ખુબ ખુબ અભિનંદન.

District 3232B3
UNLESH YOUR POTENTIAL

**Our District Website**

https://lionsdistrict3232b3.org

Download & Install
**The District 3232-B3**
Mobile Application From The Following Link

Google Play Store Link :
https://play.google.com/store/apps/details?id=com.eryushion.lionsdistrict3232b3

Apple App Store Link :
https://apps.apple.com/us/app/district-3232b3/id1525068403

Scan to follow us :

